# રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ પ્રાપ્ત કરતું ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ



દિલ્હી ખાતે યોજાય ગયેલ 'Indian Education Award 2016' અને 'Indian Education Congress' માં સમગ્ર દેશ અને વિદેશમાંથી ઉપસ્થિત ૩૦૦ થી વધુ શૈક્ષણિક સંસ્થાનોની હાજરીમાં પ્રમાણમાં નાના શહેર એવા જામનગરથી સંચાલિત 'ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ' એ વિજય ડંકો વગાડયો હતો.

નવનિયુક્ત યુવા C.E.O. શ્રી પાર્થ દવે એ વ્યક્તિગત "Best C.E.O."નો પુરસ્કાર પ્રાપ્ત કર્યો હતો અને ખૂબ જ સ્પર્ધાત્મક એવી કેટેગરીમાં O.E.T.નું પ્રતિનિધિત્વકરતાં સંસ્થા માટે " Most Emerging Higher Education Institute Of The Year"નો એવોર્ડ મેળવ્યો હતો.

ઉપસ્થિત રાષ્ટ્રીય મિડિયા સાથે વાતચીત કરતા શ્રી પાર્થ દવે એ જણાવ્યું હતું કે આનું શ્રેય સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી એવા દૂરદર્શી શ્રી આર.કે.શાહ, ચેરમેન શ્રી કાંતિલાલ હરિયા તેમજ સમગ્ર મેનેજમેન્ટ, સ્ટાફ,શિક્ષકો અને વિદ્યાર્થીઓને જાય છે.છેલ્લા ૩૫ વર્ષથી કાર્યરત O.E.T. આજે એક વિશાળ વટવૃક્ષ સમાન બની ગયું છે અને પ્લેગ્રુપથી લઈને પોસ્ટ ગ્રેજયુએશન સુધીનું શિક્ષણ એક જ છત્ર હેઠળ પૂરું પાડવામાં આવે છે.



ઉલ્લેખનીય એ છે કે'Indian Education Award' ની છઠ્ઠી આવૃતિમાં O.E.T. ગુજરાત ભરમાંથી એવોર્ડ પ્રાપ્ત કરનાર એક માત્ર સંસ્થા છે. જાણીતા શિક્ષણવિદ-લેખક અને વકતા શ્રી શિવ ખેરાના હસ્તેC.E.O. શ્રી પાર્થ દવે ને શ્રી ખેરા લિખિત બેસ્ટ સેલર 'યુ કેન વીન' ની Autograph Copy અર્પણ કરવામાં આવી હતી. આ પુસ્તકની ૩૩ લાખથી પણ વધુ નકલો વેચાઈ ચૂકી છે. શ્રી ખેરા એ અંગત રીતે યુવા C.E.O. ને અભિનંદન પાઠવ્યા હતા અને ઉમેર્યું હતું કે ભારતનું ભવિષ્ય મેટ્રો શહેરોમાં નહી પણ Tier-2, Tier-3 Cities અને Town માં છે.

એવોર્ડ સ્વીકારતી વખતે પાર્થ દવેએ ગુલઝાર સાહેબની પંક્તિઓ " છોટે છોટે શહેરો સે,ખાલી બોર દોપંહરો સે હમ તો ઝોલા ઉઠા કે ચલે... બારિશ કમ કમ લગતી હૈ, નદિયા મધ્ધમ લગતી હૈ...હમ સમંદર કે અંદર ચલે" ગુન ગુનાવી હતી જેને ઉપસ્થિત સ્પર્ધકો અને શ્રોતાજનોએ તાળીઓના ગડગડાટ થી હર્ષભેર વધાવી લીધી હતી.



સંસ્થાના મોભી શ્રી આર.કે.શાહએ સમાચાર મળતા તરતજ ફોન પર શુભેચ્છા પાઠવી હતી અને શિક્ષણક્ષેત્રે ભવિષ્યમાં નવા નવા શિખરો સર કરવા સંસ્થા કટિબધ્ધ છે એવું જણાવ્યું હતું. એંશી ના દાયકા માં નાની એવી જગ્યા થી શરૂ થયેલ ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ આજે હજારો વિદ્યાર્થીઓને શિક્ષિત કરી આભની ઉંચાઈએ ઉડવા પ્રેરિત કરી રહયું છે. આવનારા સમયમાં નવા નવા કોર્ષ અને સ્ટ્રીમ નો ઉમેરો થવા જઈ રહયો છે એવુ શ્રી આર.કે.શાહ એ જણાવ્યું હતું.

બે દિવસ ચાલેલ 'Indian Education Congress' માં સમગ્રવિશ્વમાંથી અગ્રણી શિક્ષણ વિદો ઉપસ્થિત રહયા હતા.'Change The World'ની થીમ પર આયોજિત શૈક્ષણિક મનોમંથનમાં બદલતાં સમય

continues on page 11